**પી.એચ.નં. ૧/૨૦૧૯**

**લેન્ડ દરખાસ્ત નં. ૧/૧૯**

**આંક ૧ નીચે હુકમ**

(૧) સાંભળ્યા,કેસનું રેકર્ડ વંચાણે લીધું.સદર દરખાસ્ત રજુ થતા સદર દરખાસ્ત સમય મર્યાદા બહાર હોવાનું જણાતુ હોય જેથી પ્રાથમીક સુનાવણી માટે રાખવામાં આવેલ છે.દરખાસ્તની હકિકતની ધ્યાને લેતા લેન્ડ રેફરન્સ કેસના હુકમનામા મુજબ પ્રતીવાદીએ કોર્ટમાં તા.૨૩–૧–૧૯૯૯ સુધી વ્યાજની ગણતરી કરીને રકમ નામદાર કોર્ટમાં તા.૧૦–૧૨–૧૯૯૯ ના રોજ જમા કરાવેલ છે એવોર્ડ મુજબ નામદાર કોર્ટમાં રકમ જમા કરાવે ત્યાં સુધી ૧૫ % વ્યાજ ચુકવવાનું થાય છે.પરંતુ પ્રતીવાદીએ તા.૨૩–૧–૧૯૯૯ થી તા.૧૦–૧૨–૧૯૯૯ સુધીનું કુલ મંજુર થયેલ રકમ રુ.૨,૬૦,૨૨૧/– ઉપર વ્યાજ ચુકવવાનું બાકી રહે છે,અરજદારની રકમ ચુકવી આપવા પ્રતીવાદીને તા.૪–૨–૧૦ની નોટીસ આપી જાણ કરવામાં આવેલ છે તેમ છતાં હજુ સુધી આ રકમ ચુકવી આપેલ નથી.જેથી રુ.૩૫,૭૮૦/– રકમ વસુલ લેવા હાલની આ દરખાસ્ત કરેલ છે.

(૨) અરજદારના વી.વ.શ્રી પી.ડી.ગઢવીએ એવી રજુઆત કરેલ છે કે,વ્યાજ ચુકવવાનું બાકી રહે છે તે રકમ માટે હાલની આ દરખાસ્ત કરેલ છે.સદર લેન્ડ રેફરન્સના હુકમ વીરુધ્ધ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સામાવાળા દવારા ફર્સ્ટ અપીલ નં.૭૨૧/૧૯૯૯ થી અપીલ દાખલ કરવામાં આવેલ હતી.જેથી અપીલનો નીર્ણય થાય તે તારીખથી દરખાસ્તમાં સમય મર્યાદા ગણવાની રહે છે જેથી સદર દરખાસ્ત સમયમર્યાદામાં છે.તેમની ઉપરોકત રજુઆતના સદર્ભમાં Aminabibi D/o. Aminmuya-Decd. V/s. F.S.Kaji 2015 (3) G.L.H.393.નો ચુકાદો રજુ કરેલ છે.

(૩) અરજદાર દવારા રજુ થયેલ એવોર્ડની ખરીનકલ ધ્યાને લેતા તેમાં તા.૩૦/૪/૧૯૯૮ના રોજ એવોર્ડ થયેલ છે અને અરજદાર દવારા હાલની આ દરખાસ્ત તા.૨/૧/૧૯ના રોજ દાખલ કરેલ છે.અને ફર્સ્ટ અપીલનો નીર્ણય તા.૩૦/૧૧/૨૦૦૬ના રોજ થયેલ છે.આમ અપીલ પુરી થયા બાદની તારીખ થી એટલે કે તા.૩૦/૧૧/૨૦૦૬ના રોજથી સમય મર્યાદા ગણતા પણ ૧૨ વર્ષ ઉપરાંતનો સમય થઈ જાય છે.લીમીટેશન એકટના આર્ટીકલ ૧૩૬ મુજબ દરખાસ્ત હુકમનામુ થાયની તારીખથી ૧૨ વર્ષમાં દાખલ કરવાની રહે છે.આમ અપીલનો નીર્ણય આવ્યા તારીખથી પણ

સમય મર્યાદા ગણતા ૧૨ વર્ષ ઉપરાંતનો સમય થઈ જાય છે તેમજ લીમીટેશન એકટની કલમ ૫ પ્રમાણે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૨૧ ની કોઈ અરજીમાં વીલંબ માફ પણ કરી શકાય નહી.આમ સદર દરખાસ્ત સમય મર્યાદા બાદ દાખલ થયેલ હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

– સદર દરખાસ્ત રજીસ્ટરે લેવી,

–સદર દરખાસ્તને સમયમર્યાદાના કાયદાનો બાધ નડતો હોય દરખાસ્ત કાઢી નાખવાનો હુકમ ફરમાવવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૬મી ફેબ્રુઆરી સને ૨૦૧૯ના રોજ ખુલ્લી અદાલતામાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : કેશોદ.

તારીખ : ૬/૨/૨૦૧૯ .

**(આર. એ. ઝાલા.)**

પ્રીન્સીપાલ સીનીયર સિવિલ જજ,

કેશોદ. (GJ 00938)